<u>સેશન્સ કેસ નં.૩૮/૨૦૦૯ તથા બીજાઓ</u>

<u>::– આંક–૨૯૮,૨૯૮/૧ તથા ૩૮૧ હેઠળના હુકમો –::</u>

(૧) અરજદારો તરફે વિ.વ.શ્રી આઈ.એ.મુન્શી તથા ઝેડ.એલ.ખાનને શ્રી એલ.આર.પઠાણ વતિ સાંભળ્યા. વિ.સ્પે.પી.પી.શ્રી એચ.એમ.ધ્રુવને સરકાર તરફે સાંભળ્યા.

(૨) આંક–૨૯૮ વાળી અરજી થકી આ કામના ન્યાયીક હવાલાતમાંના ૧૦ આરોપીઓએ અરજી કરી એવી રજુઆત કરેલી છે કે તા.૧૦–૧૨–૨૦૧૧ ના રોજ રાતના ૯–૩૦ કલાકે જડતી કરનાર ટીમ તેઓના યાર્ડમાં આવેલી ત્યારે જેલરશ્રી શેખ તથા સબ ઈન્સ્પેકટરશ્રી બહેલીમનાઓએ ઈસ્લામ ધર્મના પવિત્ર ગ્રંથ કુરાનને સેલ નં.૧, ૫/૨ છોટા ચકકરનાં યાર્ડમાં જમીન પર નાંખી દીધેલ. આ બનાવ બનતાં ન્યાયીક હવાલાતમાંના આ ૧૦ અરજદાર કેદીઓએ સ્ટાફના સભ્યોના તથા અધીકારીઓના નામની તપાસ કરેલી, કેમકે તેઓની નેઈમ પ્લેટ ન હતી, અરજદારોની આ મતલબની તપાસના જવાબમાં તેઓના મોં બંધ રાખવા તથા તે વાત ત્યાં જ પુરી કરવા તેઓને જણાવવામાં આવેલું. અરજદાર આરોપીઓએ આ બનાવથી વ્યથિત થઈને હાલની અરજી કરી એવી રજુઆત કરેલ છે કે આ બનાવમાં સંકળાયેલા સામે તુરન્ત જ પગલા લેવા જરુરી છે.

(૩) આંક–૨૯૮/૧ વાળી અરજીની તમામ હકીકતો, આંક–૨૯૮ વાળી અરજીમાં નોંધ્યા અનુસારની જ છે અને અરજદારો પણ એ જ છે. આંક–૨૯૮/૧ વાળી અરજી આઈ.જી. (પ્રિઝન)ને મોકલવામાં આવેલી અરજી છે.

(૪) આંક–૩૮૧ વાળી અરજી અરજદાર નં. ૧ ના પિતાની હોવાનું સ્પષ્ટ છે, જે અરજીમાં તેઓએ સબ જેલરશ્રી શેખે ન્યાયીક હવાલાતમાં રહેલ તેમના અરજદાર પુત્રને ધમકી આપેલ હોવાનું જણાવી તે સારુ જરુરી પગલા લેવા માટે વિનંતી કરેલી છે.

(૫) આંક–૪૧૮ થી આ કામે આઈ.જી.(પ્રિઝન) નાઓએ પોતાનો રીપોર્ટ ફાઈલ કરતાં એવું જણાવેલ છે કે અરજદાર નં.૧ પાસેથી પ્રતિબંધિત વસ્તુઓ મળી આવેલ હોવાનું તથા તે સંદર્ભે ડયુટી જેલરશ્રી શેખ સાથે અરજદાર નં.૧ એ ઉશ્કરેણી યુકત વર્તન કર્યુ હોવાનું તથા જેલ અધિનિયમ અનુસાર આ અરજદારની જેલ મુલાકાત એક મહીના માટે પ્રતિબંધિત કરવાની સજા કરેલ હોવાનું જણાવી અરજદાર નં.૧ ઉંચા અવાજે બુમો પાડી જેલ શિસ્ત, સલામતિ જોખમાવે તેવું કૃત્ય કરી ધાર્મિક પુસ્તકના અપમાનનું ખોટું બ્હાનું કાઢી રજુઆત કરી રહયા છે. વધુમાં તેઓએ એવી હકીકત રેકર્ડ પર મુકેલ છે કે શ્રી બહેલીમ તથા શ્રી શેખ મુસ્લિમ સમુદાયના છે અને તેઓનું ધાર્મિક પુસ્તક પણ કુરાન જ હોઈ તેઓ તેવા પુસ્તકનું અપમાન કરવાનું કૃત્ય ન જ કરે.

(૬) આંક–૩૨૮ થી અમદાવાદ મધ્યસ્થ જેલનો રીપોર્ટ અત્રેના કામે આવેલો છે, જે રીપોર્ટ પણ આંક–૪૧૮ વાળા આઈ.જી.(પ્રિઝન)ના

રીપોર્ટને મળતો આવતો રીપોર્ટ છે.

(૭) વિ.વ.શ્રી આઈ.એ.મુન્શીનાઓએ અરજદારો તરફે એવી રજુઆત કરેલી છે કે હાલના અરજદારો પાસેથી કોઈ પણ પ્રતિબંધિત વસ્તુઓ મળેલી નથી તથા જેલ સત્તાવાળાઓએ કરેલ કૃત્ય ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૯૫ એ અન્વયેનો ગુન્હો છે, આ ગુન્હા અનુસંધાને નામદાર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રીને કોગ્નીજન્સ લેવાની સત્તા હોઈ તેઓ તરફે હુકમ કરી તેઓને જેલ સત્તાવાળાઓના ગુન્હાનું કોગ્નીજન્સ લેવા માટે હુકમ કરવાની જરુરીયાત છે, તેઓએ હાલની અરજી મંજુર કરવા સરખી હોવાની રજુઆત કરેલી છે.

(૮) સરકાર તરફે વિ.સ્પે.પી.પી.શ્રી ધૃવે એવી રજુઆત કરેલી છે કે આરોપીઓ ૫/૨ યાર્ડ, છોટા ચકકર, સેલ નં.૧ માં રહે છે અને જેલ સત્તા વાળાઓએ રજુ કરેલ રીપોર્ટ સાથે મુકેલ જડતી રીપોર્ટ ધ્યાને લેતાં ખોલી નં.૧ માંથી પણ પ્રતિબંધિત તથા ગુન્હાહીત વસ્તુઓ મળેલી છે. જેથી જેલના ધારાધોરણ અનુસાર જેલ સત્તાધીશોને ન્યાયીક હવાલાતમાંના આ આરોપીઓ વિરુધ્ધ જેલ શિસ્તના ભંગ માટે કાયદા અનુસારના પગલા લેવાની સત્તા છે અને તેઓએ કરેલ ઓફિસિયલ કાર્ય માટે જેલ સત્તાધીશો વિરુધ્ધ કોઈ ગુન્હો નોંધી શકાય નહી.

વળી, આ કામે જેલ સત્તાવાળાઓનું ગુન્હાહીત માનસ હોવા અંગેના કોઈ આક્ષેપો રેકર્ડ પર નથી. વળી વધુમાં આ પ્રકારની અરજીઓ જેલ

સત્તાધીશોને સંકડામણમાં મુકવાના હેતુસર કરાતી હોય છે.હાલની આ અરજીમાં કોઈ પ્રકારનું તથ્ય નથી ત્યારે તેવી અરજીઓ નામંજુર કરવા સરખી છે.

(૯) બંને પક્ષોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. બંને પક્ષો તરફથી રજુ કરેલ સાહીત્ય ધ્યાન પર લીધું. આ કામે નીચેના મુદ્દા ધ્યાન પર લેવા સરખા છે.

(૧) આ કામે વિ.વ.શ્રી મુન્શીએ કરેલ રજુઆત મુજબ તથા આંક–૨૯૮, આંક–૨૯૮/૧ ની અરજીમાં જણાવ્યા મુજબ એવી હકીકત સ્પષ્ટ થાય છે કે અરજીના અરજદારોની ગેરહાજરીમાં આ બનાવ બનેલો છે, જે રીતે હાલના બનાવના કોઈ આંખે દેખ્યા સાક્ષી ન હોવાનું સ્પષ્ટ છે. જોકે ન્યાયીક હવાલાતમાં રહેલ કોઈ પણ વ્યકિતની ધાર્મિક લાગણી દુભાય તે આવકાર્ય નથી, તે વાત ર્નિ–વિવાદ છે.

(૨) આ કામે જેલ સત્તાવાળાઓએ રજુ કરેલ જડતી રીપોર્ટ ધ્યાને લેતાં યાર્ડ નં.૫/૨ ખોલી નં.૧ ની પણ જડતી લેવાયેલ હોવાનું સ્પષ્ટ થાય છે અને આ જડતી રીપોર્ટમાં આ અરજીના અરજદારોમાંના કેટલાક અરજદારો પાસેથી પણ પ્રતિબંધિત વસ્તુઓ મળી આવેલ હોવાનું રેકર્ડ પર જેલ સત્તાવાળાઓએ મુકેલું છે.

(૩) કલમ–૨૯૫ એ હેઠળની અદાલતી કાર્યવાહી બાબતે આવશ્યક તત્વો કે જેમાં આરોપીનું કૃત્ય હેતુપૂર્વક, જાણીબુઝીને અથવા ધ્વેશપૂર્ણ ઈરાદાનું હોવું આવશ્યક છે, તે આ કામે પ્રથમ નજરે જણાઈ આવતું નથી. વધુમાં, શ્રી શેખ તથા શ્રી બહેલીમ બંને મુસ્લીમ સંપ્રદાયના છે ત્યારે

સામાન્ય રીતે તેઓ આવું કોઈ કૃત્ય હેતુપૂર્વક, જાણીબુઝીને તથા ધ્વેશપૂર્ણ ઈરાદાથી કરે, તે પ્રથમ દૃષ્ટિએ સંભવિત જણાતું નથી. જોકે પુનરાવર્તનના ભોગે એ નોંધવું અતિ આવશ્યક છે કે ન્યાયીક હવાલાતમાંના આરોપીઓને તેમના ધર્મનું પાલન કરવાનો અધિકાર છે અને તેમની ધાર્મિક લાગણી ન દુભાય તે જોવાય, તે તેવા અધિકારની સુરક્ષા માટે જરુરી છે. પરંતુ સાથે સાથે ન્યાયિક હવાલાતમાંના આરોપી નિયમાનુસાર, કાયદાનુસાર તથા જેલ શિસ્તનાં નિયમોનું ચુસ્તપણે પાલન કરે, તે પણ આવશ્યક છે અને જો તેમ થાય તોજ જેલ શાસન સુચારુ ઢબે ચાલી શકે.

(૪) આ કામે એક પણ અરજદારે શ્રી શેખ તથા શ્રી બહેલીમને અરજીમાં જણાવેલ કૃત્ય કરતાં જાયેલા નથી, પવિત્ર ધાર્મિક ગ્રંથ કુરાનને જમીન પર ફેંકવા અંગેની હરકત શ્રી શેખ તથા શ્રી બહેલીમ મુસ્લીમ સંપ્રદાયના હોવાથી કરે તેમ સરળતાથી માની શકાય તેમ નથી. વળી વધુમાં અરજદારોની અરજીમાં કયાંય શ્રી શેખ તથા શ્રી બહેલીમ વિરુધ્ધ તેઓએ ધ્વેશપૂર્ણ રીતે, હેતુપૂર્વક રીતે કે જાણીબુઝીને અરજીમાં જણાવેલ કૃત્ય કર્યુ હોવાનો ઉલ્લેખ નથી અને તેઓ મુસ્લિમ હોવાથી તેવો હેતુ, ઈરાદો કે તેવો ધ્વેશ માની શકાય તેમ પણ નથી. ઉપરોકત ચર્ચાએ આ બંને અરજીઓ મંજુર થઈ શકે તેવી ન હોવાનું ઠરાવવું ન્યાયોચિત છે.

(૫) જોકે આ અદાલત એવું માને છે કે અરજીમાંની હકીકતો તથા જેલ સત્તાધીશોનાં આ જવાબોમાંના મુદ્દાઓની ગંભીરતા ધ્યાન પર

લઈ ન્યાયીક હવાલાતમાંના અરજદારો/ આરોપીઓના કીસ્સામાં, હાલના બનાવમાં તેમની ધાર્મિક લાગણી દુભાઈ હોઈ તેમ લાગતું ન હોવા છતાં પણ, જેલ સત્તાવાળાઓ ભવિષ્યમાં પણ, કોઈ પણ ધર્મની કે કોઈ પણ સંપ્રદાયની ન્યાયીક હવાલાતમાંના કોઈ પણ આરોપીની ધાર્મિક લાગણી ન દુભાય તેની સવિશેષ કાળજી રાખશે તથા ન્યાયિક હવાલાતમાંના આરોપીઓ જેલનાં નિયમો, કાયદો તથા જેલશિસ્તને અનુરુપ જ પોતાનું વર્તન, વ્યવહાર રાખશે, તેમ ઠરાવવું વધુ યોગ્ય, સમન્યાયી તથા ન્યાયના હિતમાં હોવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧૦) ઉપરના કામે આંક–૨૯૮ તથા આંક–૨૯૮/૧ માં આજ રોજ આ અદાલત હુકમ કરશે ત્યારે આંક–૩૮૧ માં કરેલ રજુઆત પણ ધ્યાને લિધેલ છે અને નીચે કરવામાં આવતાં હુકમથી તે અરજી પણ દફતરે થયેલ ગણવાની છે.

(૧૧) ઉપરોકત ચર્ચાએ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>હુ કુ મ</u>

(૧) આંક–૨૯૮ તથા આંક–૨૯૮/૧ ની બંને અરજીઓ નામંજુર કરવામાં આવે છે. પરંતુ જેલ સત્તાધીશોને આથી એવી સુચના આપવામાં આવે છે કે ન્યાયીક હવાલાતમાંના તમામ કેદીઓના વ્યકિતગત ધર્મ તથા સંપ્રદાયનું પુરેપુરુ સન્માન સચવાય તથા તેઓની ધાર્મિક લાગણી ન દુભાય તે માટે યોગ્ય દરકાર રાખવાની રહેશે. જયારે જેલમાંના ન્યાયિક હવાલાતમાંના આરોપીઓએ જેલનાં નિયમો, કાયદા તથા જેલશિસ્તને અનુરુપ જ પોતાના વર્તન વ્યવહાર રાખવાનાં રહેશે.

(૨) ઉપરોકત હુકમે ત્રણેય અરજીઓ આથી ફેસલ કરી.

આ હુકમ આજ રોજ તા.૧૩ મી માહે– જુલાઈ સને–૨૦૧૨ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ
તા.૧૩–૭–૨૦૧૨

(ડો.શ્રીમતી જયોત્સના યાજ્ઞિક)
વિશેષ ન્યાયાધીશ,
ડેઝીગ્નેટેડ કોર્ટ ફોર સીરીયલ બોમ્બ
બ્લાસ્ટ કેસીસ,
કેમ્પ–અમદાવાદ